BRAMPTON **Service and Information Update**

# ડિસેમ્બરની 31મી સુધી શહેરીજનો અને વ્યવસાયોને મદદરૂપ થવા હેતુ સિટી વણચૂકવેલ વેરા પર વ્યાજ અને દંડ સ્થગિત કરે છે

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (01 ઑક્ટોબર 2020) – ગઈકાલે બ્રૅમ્પટન સીટી કાઉન્સિલે ડિસેમ્બરની 31મી સુધી મિલકત વેરાની બાકી રહેલ ચૂકવણીઓ પર તમામ વ્યાજ અને દંડ સ્થગિત કરવાની મંજૂરી આપી હતી.

આ પહેલા, સિટીએ દંડ અને વ્યાજની રકમો ઑગસ્ટ 19 સુધી સ્થગિત કરી હતી. આ નિર્ણયથી આપણા સમજાના ઘણા લોકોને નાણાકીય રાહત મળશે જેઓ COVID-19ના રોગચાળાથી સૌથી વધુ અસરગ્રસ્ત થયા હતાં. ઑગસ્ટ 20 થી ડિસેમ્બર 31મી સુધી ચુકવવાપાત્ર વેરાની ચુકવણીઓ માટે વ્યાજ અને દંડ સ્થગિત કરવાથી આ મુશ્કેલીભર્યા સમયમાં આપણા નગરજનો અને વ્યવસાયોને વધારાની નાણાકીય રાહત પ્રાપ્ત થશે.

મિલકતના માલિકોને કોઈપણ બાકી હોય એવી ભરવાપાત્ર રકમોની નોટિસ ઓક્ટોબરમાં મેલ કરાશે.

આજની જાહેરાતનો અર્થ વેરા રદ કરાયા હોય એમ થતો નથી. કરદાતાઓ માટે જરૂરી છે કે તમામ વેરાની રકમો તેમના અંતિમ વેરા બિલમાં સૂચિત હોય તે ચુકવવાની છે જે જુનમાં જારી થયા હતાં. ફક્ત ઑગસ્ટથી ડિસેમ્બર સુધીની ભરવાપાત્ર રકમો પરના વ્યાજ અને દંડ સ્થગિત કરવામાં આવ્યા છે. તમામ રકમો સિટીને ડિસેમ્બર 31મી પહેલા પ્રાપ્ત થવી જોઈશે જેથી તે સમય સુધી ભેગી થયેલ કોઈપણ ચુકવવાપાત્ર બાકી રકમ પર થતા દંડ અને વ્યાજ ટાળી શકાય. COVID-19 રોગચાળાને લીધે આર્થિક મુશ્કેલી ન અનુભવતા કરદાતાઓને નિયત તારીખ સુધીમાં તેમના મિલકત વેરાની ચૂકવણી કરવાનું ચાલુ રાખવા માટે પ્રોત્સાહિત કરવામાં આવે છે.

અંતિમ નિયમિત હપ્તાની નિયત તારીખો 23 સપ્ટેમ્બર, 21 ઓક્ટોબર, 18 નવેમ્બર, 2020 છે. ચૂકવણાના વિકલ્પોની વિગતો સિટીની વેબસાઈટ પર ઉપલબ્ધ છે.

માસિક પૂર્વ-અધિકૃત ચુકવણીઓ (PTP), અંતિમ કર ચુકવણીનાં ઉપાડ સપ્ટેમ્બર, ઓક્ટોબર, નવેમ્બર અને ડિસેમ્બરમાં થશે.

કોઈપણ પૂછપરછો માટે આ પત્રકનો ઉપયોગ કરો.

સીટી ઓફ બ્રૅમ્પટનના COVID-19 સામેની લડત અંગેના અદ્યતન અપડેટ્સ માટે અહીં મુલાકાત લો www.brampton.ca/covid19.

-30-

**મિડિયા સંપર્ક**
મોનિકા દુગ્ગલ (Monika Duggal)
કોઓર્ડિનેટર, મિડિયા એન્ડ કમ્યુનિટી એંગેજમેન્ટ
વ્યૂહાત્મક સંવાદ
સીટી ઓફ બ્રૅમ્પટન
905-874-3426 | Monika.Duggal@brampton.ca